# જ્ઞાતિમૈયા

જ્ઞાતિનું એકમાત્ર અધિકૃત મુખપત્ર

SAMAST MAHAJAN MEDIA COMMITTEE

ઈ-મેગેઝીન • વર્ષ : ૫ • સળંગ અંક : ૨૯૭ • તા.૧૭ ફેબ્રુઆરી થી ૨૩ ફેબ્રુઆરી ૨૦૨૪

**Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan**, Room No. 3, Ground Floor, Anantsidhi Jain Mandir, Opp. Badwaik Hospital, 107, L.B.S. Road, Bhandup (West), Mumbai - 78.


KDO SANJIVANI

KDO દિવ્યાંગ

KDO

# શ્રી સમસ્ત ક.દ.ઓ.જૈન મહાજનની સામાજિક પ્રવૃત્તિઓ માટે જ્ઞાતિજનો દ્વારા દાનની ગંગા

Diamond manufacturers,
Exporter's & Importer's
Exclusive designer jewellery
Dealing with EF - VVS quality
Own manufacturing unit in Mumbai & Chennai

GJF Life Member




# 128, Cathedral Road, No.2, 5 th Floor Crown Court Building, Chennai-600 086.

For Business Queries : 044-4314 1444 / 1555


www.shubhdiamonds.com

E.Mail: seema@shubhdiamonds.com

-: શુભેચ્છા સહ :-

માતુશ્રી સરલાબેન ગંગાજર મોમાયા પરિવાર

(ગામ - સાયરા)



જ્ઞાતિ શિરોમણી શેઠશ્રી નરશી નાથા


**-: સંપાદક ગણ :-**

નીશિથ આનંદ દંડ

જયંત વસનજી છેડા

રાજેન્દ્ર મણિલાલ ખોના

પ્રવીણ હંસરાજ લોડાયા

કીર્તિકુમાર ધનજી ધરમશી

ચંદ્રેશ વિરચંદ છેડા



**-: કાર્યાલય :-**

**પોસ્ટ/કુરીઅર પત્રવ્યવહાર માટે સરનામું**

Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan

3, Anant Siddhi Building, Gr. Floor, LBS Marg, Bhandup (West), Mumbai - 400 078.

**જ્ઞાતિમૈયા હવે નેટ પર....**

http://www.kdosm.org

Email :

gyatimaiya2018@gmail.com



**નોંધ :** આ પત્રમાં પ્રકાશિત તથા લેખકોનો સ્વતંત્ર અભિપ્રાય/મંતવ્યો સાથે તંત્રીમંડળ સહમત જ છે એમ માનવું નહીં. તેમજ તેને લગતા લેખો કે કોઈ જાહેરાતોમાં કરવામાં આવતા દાવાઓ/વિધાનો અંગે જ્ઞાતિમૈયા સમિતિની કોઈ જવાબદારી નથી.


## અમારી વાત...

**સંપાદક સ્થાનેથી**

# સમય અને સંજોગો પરિવર્તિત થવાના

ક્રોધ, માન, માયા અને લોભ ચાર સર્વનાશની જડો છે. જે જીવનના વૃક્ષને પાંગરવા દેતી નથી. આ કષાયો છે જે એક યા બીજી રીતે માણસને જંપવા દેતી નથી. આના કારણે માણસ ન વિચારવાનું વિચારે છે. ન બોલવાનું બોલે છે અને ન કરવાનું કરી આચરે છે. સ્વાર્થ અને લોભ, ક્રોધ અને મોહ, માયા અને મમતાનું વળગણ લાગે છે ત્યારે માણસને સારા કે નરસાનું ભાન રહેતું નથી. ઉપરની ચાર જડો એકમેક સાથે સંકળાયેલી છે. આમ જોઈ એતો એક ચહેરા પર ફિટ થઈ જતાં ચાર મહોરાં છે. જે સારપને છૂપાવી દે છે અને પોતાનું પોત પ્રકાશે છે.

લોભ છૂપો રૂસ્તમ છે. તે બહાર દેખાતો નથી. પણ જીવનની જે બધી મુશ્કેલીઓ ઉભરે છે. જેમાં તેની મહત્વની ભૂમિકા છે. સ્વાર્થ અને લોભ આવે છે ત્યારે સગાઓ પણ વેરી બની જાય છે. સ્વાર્થ માણસને અંધ બનાવે છે. સારા નરસાનું ભાન રહેતું નથી. કોઈ વિઘ્ન આવે તો ક્રોધ ઊભો થાય છે ને છેવટે હિંસક સ્વરૂપ ધારણ કરે છે. ક્રોધ જ્યારે મન મગજ પર આક્રમક બને છે ત્યારે દરેક દિશાઓ દેખાતી બંધ થાય છે. માત્ર દેખાય છે નર્યો સ્વાર્થ, મતલબ અને અભિમાન, પરિગ્રહની પાછળ પણ લોભ રહેલો છે લોભને કારણે માણસ અઢળક ભેગું કરતો રહે છે. કોઈ વસ્તુઓથી સંતોષ થતો નથી. કશું છૂટતું નથી. જે મળે તે ઓછું લાગે છે. દરેક માનવી સુખ ઈચ્છે છે. એમાં કશું ખોટું નથી. પણ દુ:ખ એમાં સર્જાય છે કે અન્ય કરતા પોતાને વધુ સુખ જોઈએ છે. એટલે મુશ્કેલીઓની પરંપરા સર્જાય છે. સૌની નજર ઉપર તરફ છે કોઈ નીચે જોવા ઈચ્છતો નથી.

આપણે કેટલા પાછળ રહી ગયા છીએ તેનો પૂરેપૂરો ખ્યાલ રહે છે. પણ આપણે બીજા કરતાં કેટલા આગળ છીએ તે તરફ નજર જતી નથી. એવા કેટલા લોકો છે જેને પેટ પૂરતું ભોજન પ્રાપ્ત થતું નથી. અંગ ઢાંકવા પૂરતાં કપડાં નથી. માથે છાપરું નથી. એમનો વિચાર કરવો જોઈએ એમની સામે આપણને ઘણું ઘણું મળ્યું છે તે પ્રભુની કૃપા છે એ સમજણ ધરાવવી જોઈએ. માણસ દુ:ખી અને લાચાર છે તેનું મુખ્ય કારણ સ્વાર્થ અને લોભ છે. પ્રભુ પર ભરોસો નથી. ભાવી નો ડર લાગે છે. કશું અજુગતું અને અણધાર્યું બનશે. તેનો અંદર ખાને ભય રહે છે. ભવિષ્યની ચિંતા રહે છે. એટલે આજની સુરક્ષાની દીવાલો ઊભી કરે છે. જે દીવાલો મોહની છે, માયાની છે અલગ અલગ પ્રકારના વળગણની છે.

ખુદના કર્મ પર આત્મવિશ્વાસ અને પ્રભુ પ્રત્યે શ્રધ્ધા અને વિશ્વાસ, આસ્થા અડગ હોય તો કોઈ મુસીબતો મોટી લાગશે નહીં. સુખ દુખના ઉતરાણ ચડાણ દડ મંજલ પર આવતા રહેવાના છે. તે કોઈનાથી રોક્યા રોકી શકવા નથી. જે નિર્ધારિત છે થયા વગર રહેવાનું નથી. માનવી ગમે તેટલાં ધમ પછાડા કરે પણ કાળને રોકી શકવા સમર્થ નથી. સમય અને પરિસ્થિતિ પલટાયા કરે છે. મનમાં સ્થિરતા અને ભરોસો હશે તો ગમે તેવા સંકટમાંથી પણ સુખ રૂપ બહાર નીકળી શકાય છે.

*- જય જ્ઞાતિમૈયા*

# દુર્ગુણોના દૂષણોથી બચવું જરૂરી

## સેક્રેટરીના બે બોલ..



નીશિથ દંડ
(સેક્રેટરી જનરલ)

દરેક વ્યક્તિની પ્રકૃતિ ભિન્ન ભિન્ન હોય છે. દરેકને પોતાના ગમા અણગમા, રાગ-દ્વેષ, વિચારને સ્વભાવ અલગ અલગ હોવાના, સ્પર્ધામાં રહેવા માટે સતત સંઘર્ષ કરતાં રહેવું પડે છે. સમય અને સંજોગ વિપરીત હોય ત્યારે માણસે ટકી રહેવા સંઘર્ષ કરે છે. જીવનમાં ધર્મ એક ધારક બળ છે. જે વ્યક્તિને ટકાવી રાખે છે. માણસ મોટા ભાગે પોતાની સામે લડતો રહે છે. ધન, પદ, પ્રતિષ્ઠા પાછળ માણસ અવિરત દોટ લગાવી દોડતો રહે છે. પણ જે કાંઈ મળે છે તેનો અર્થ રહેતો નથી સાચું સુખ મનની શાંતિ છે. સુખ, દુઃખ, સંઘર્ષ, તડકા છાંયડા જેવા અનુભવ છે એટલે જ તો જીવન છે. જીવનમાં આરોહને અવરોહ ન હોય તો જીવન આટલું મધુર ન હોત. સુખમાં છલકાઈ જવું નહીં અને દુઃખમાં ગભરાઈ જવું નહી. આપતિના સમયમાં જે નાસી પાસ થાય છે તે સાચો માર્ગે શોધી શકતો નથી.

જીવનની કોઈ વસ્તુ કાયમી નથી. એકને એક દિવસે બદલવાની છે. જે જીવનની ઘટમાળ છે. જે આવે છે તે જાય છે. પણ આપણે મોહ અને આશક્તિથી બંધાયેલા છીએ. એટલે કંઈપણ છૂટી ન જાય એ માટે ફાંફાં મારતા હોઈએ છીએ. વ્યર્થ વસ્તુઓ પાછળ રહેવાનો મોહ આપણા મનને ઉત્પાતમાં સતત રાખે છે. સુખની સ્થિતિમાં ફુલાવવું નહીં અને દુઃખની પરિસ્થિતિમાં હતાશ થવું નહીં. ધીરજ ક્ષમતા અને મક્કમતાથી પરિસ્થિતિનો સામનો કરવો જરૂરી હોય છે. સમયની સાથે દુઃખના વાદળો વિખરાઈ જાય છે. આપણે જે કોઈપણ કાર્ય કરીએ તેમાં બીજાને હાની કે દુઃખ ન પહોંચવું જોઈએ. ભૂલથી પણ આવું કાર્ય થઈ ગયું હોય તો તેનું પ્રાયશ્ચિત કરી લેવું જોઈએ. ઈરાદાપૂર્વક અને દ્વેષ ભાવથી આપણે જે કરીએ છીએ તેને માટે કોઈ માફી નથી મળતી. એ માટે થયેલ દોષો ને કર્મોની સજા આપણને ભોગવી પડે છે. દગો, પ્રપંચ, કપટ આ બધા દુઃખના રસ્તા છે. સુખ હોય ત્યારે કોઈની સ્મૃતિ થતી નથી પણ માણસ દુઃખમાં હોય ત્યારે જ સાચું સુખ શું છે તે સમજાય છે.

અસંતોષ, અહંકાર, લોભ અને લાલચ માણસને ન કરવાના કામો કરાવે છે. લોભી જનને જેટલું મળે તેટલું ઓછું લાગે છે. તેને સંતોષ થતો નથી કે થોભ લાગતો નથી. વધુને વધુ પ્રાપ્ત કરવાની ભાવના આડા ધંધા કરવા પ્રેરે છે. સંપત્તિ મળે છે ત્યારે શાંતિ છીનવાઈ જતી હોય છે. અવળા માર્ગેથી પ્રાપ્ત થયેલ ધન અવળા માર્ગે વપરાઈ જાય છે. પોતાના સ્વભાવથી, વાસના ને તૃષ્ણાની જંજીરથી જકડાયેલો વ્યક્તિ એટલી જલ્દી છૂટી શકતો નથી પણ મનમાં જેવા ભાવ હોય એવું પ્રાપ્ત થઈ રહે છે. શુભ ભાવના હોય તો શુભ અને અશુભ ભાવના હોય તો અશુભ મળે છે. નકારાત્મક વિચારધારા સદ્‌ગુણોથી વિમુખ બનાવી દે છે. દુર્ગુણો માણસને દૈત્ય બનાવીને છોડે છે. જેને લીધે તેને પોતાના સિવાય કંઈ દેખાતું નથી. હું ના સ્વરૂપમાં અહંકાર ઊભરાતો રહે છે તેને કાબૂમાં રાખવું જરૂરી બને છે.


## જ્ઞાતિમૈયામાં ડિઝીટલ મેગેઝીનમાં જાહેરાતોના દરો

| પ્રકાર | સાઈઝ | ૧ વખત | ૪ વખત/૧ મહિના | ૧૩ વખત/૩ મહિના | ૨૬ વખત/૬ મહિના | ૫૨ વખત/૧૨ મહિના |
|---|---|---|---|---|---|---|
| આખું પાનું | 154 x 230 mm | 1,000.00 | 3,500.00 | 10,000.00 | 18,000.00 | 35,000.00 |
| અડધું પાનું | 154 x 110 mm | 800.00 | 3,000.00 | 9,000.00 | 15,500.00 | 30,000.00 |
| પા પાનું | 75 x 110 mm | 500.00 | 1,800.00 | 5.500.00 | 10,500.00 | 20,000.00 |

ચેક SHRI SAMASTA KUTCHI DASA OSWAL JAIN MAHAJAN ના નામે લખવા

ARIHANT BANK
SHRI ARIHANT CO-OP. BANK LTD.

1st February - 30th June 2024

With **LOWEST INTEREST** Rates,
we are still very much **Co-operative**

HOME LOAN

CAR LOAN

eAUTO LOAN

2 WHEELER LOAN

***7.49%**
(p.a.)

GOLD LOAN

COMMERCIAL VEHICLE LOAN

EDUCATION LOAN

LOAN AGAINST INSURANCE POLICY

*ROI linked to the CIBIL score.
Terms & conditions apply

Head Office : GB-10 A&B, Karma Stambh, L.B.S. Marg, Vikhroli (West), Mumbai - 400 083

| Bhandup (West) | Borivali (West) | Dombivli (East) | Ghatkopar (East) | Ghatkopar (West) |
|---|---|---|---|---|
| 86526 30381 | 86526 30390 | 86526 30386 | 86526 30383 | 86526 30385 |

| Masjid Bunder | Matunga | Mulund (West) | Thane (West) | Vashi | Kamothe |
|---|---|---|---|---|---|
| 86526 30384 | 86526 30389 | 86526 30382 | 86526 30388 | 86526 30387 | 86521 19656 |

SADA AAPKE SANG, ARIHANT
For More Details, Call Nearest Branch or
Toll Free : 1800 221 984
Working Hours : 10:30 am to 05:30 pm (Except Bank Holidays)

SADA AAPKE SANG, ARIHANT
www.arihantbank.com @ Arihant Bank

KDO

# સંજીવની સુવર્ણ પેટ્રન તરીકે જોડાનારા ઉદારદિલ દાતાની ભાવનાને નમન

## શ્રી સમસ્ત કચ્છી દશા ઓશવાલ જૈન મહાજન

મેડિકલ સમિતિ - કેડીઓ સંજીવની

પરોપકારનો અર્થ છે બીજાઓની ભલાઈ કરવી.
મનુષ્યનો ધર્મ છે કે તે નાત-જાત, પારકા કે પરાયા ના જોઇ બીજાનું ભલું કરવુ.
બીજાઓ માટે વ્યક્તિ કેટલું જીવી જાણ્યો એનાથી જીવનની શ્રેષ્ઠતાનો ખ્યાલ આવે છે.
અન્યોની મદદ માટે કરેલા અથાગ પ્રયત્નોથી જ વ્યક્તિની દિવ્યતા પ્રગટ થાય છે.

**આ સત્યને સાર્થક કરતા જ્ઞાતિના મહાનુભાવ...**



## સ્વ. સોનબાઇ ત્રીકમજી વીરજી સોની

વાંકુ, હાલ - વડાલા

**સંજીવની સુવર્ણ પેટ્રન** **Rs. 50,000**

શ્રી સમસ્ત મહાજનની મેડિકલ સમિતિ દ્વારા સંચાલિત અને જરૂરિયાતવાળા જ્ઞાતિજનોને આકસ્મિક બીમારીમાં આધાર અને ભરોસો આપતી યોજના સંજીવનીનો સપોર્ટ આજ દિવસ સુધી ૧૩૨ જેટલાઓને રાહત પૂર્ણ થયો છે. જે આ યોજનામાં જોડાયેલા વિવિધ પેટ્રન, દાતાઓને આભારી છે.

કેડીઓ સંજીવનીમાં રૂા.૫૦ હજારનું અનુદાન આપી સુવર્ણ પેટ્રેન તરીકે જોડાઈ સ્વ.સોનબાઈ ત્રિકમજી વીરજી સોની, વાંકુ હાલે વડાલા મુંબઈનું નામ સ્મરણીય રહે એ માટે સોની પરિવાર એ યોગદાન આપ્યું છે. લક્ષ્મીને મહાલક્ષ્મી બનાવવાના આ વિચાર બીજની મેડિકલ સમિતિ સરાહના કરી અનુમોદના કરે છે અને સોની પરિવારનું અનુકરણીય કાર્ય અન્યોને પ્રેરણા આપશે એવી આશા વ્યક્ત કરે છે.

# દિવ્યાંગ શક્તિના આશ્રયદાતાની અઢળક અનુમોદના




શ્રી સમસ્ત કચ્છી દશા ઓસવલા જૈન મહાજનની દિવ્યાંગ સમિતિ જે શારીરિક-માનસિક દિવ્યાંગ જ્ઞાતિજનોને આધાર-બળ આપે છે. જેથી તેઓ નિયમિત અને પ્રકૃત્તિની અધૂરપ સામે મક્કમતાથી સામનો કરી શકે એવી શક્તિ આપે છે. જે માટે જ્ઞાતિ વિવિધ ઉદાર દિલ દાતાઓ સહયોગી બની સાથ આપે છે. વાંકુ-વડાલા-મુંબઈના સ્વ.સોનબાઈ ત્રિકમજી વીરજી સોનીના સ્મરણાર્થે સોની પરિવારે રૂા.૨૫ હજારનું ઉદાર દાન નોંધાવી દિવ્યાંગ શક્તિના આધાર બળ થયા છે જે માટે દાતા પરિવારની ઉદારતાને, માનવતાલક્ષી કાર્યને શત શત રીતે બિરદાવી અનુમોદના કરીએ છીએ.

# રશ્મિ રોનક લોડાયા 'ટોપ મોસ્ટ લીડર્સ ઈન મેન્ટલ હેલ્થ'થી સન્માનિત

સૌ. તરલા મુકેશ લોડાયા સાંયરા-નાંદેડના પુત્રવધૂ અને સૌ. નીલમ અજયકુમાર ધરમશી કોઠારા બિજાપુરના પુત્રી શ્રીમતી રશ્મિ રોનક લોડાયા જેઓ Counselling Psychologist & Infertility Counselling Specialist છે. તેમને હાલમાં વર્લ્ડ ફેડરેશન ઓફ હેલ્થ કેર લીડર્સ દ્વારા ટોપ મોસ્ટ મેન્ટલ હેલ્થ લીડર્સ તરીકે સન્માનિત કરાયા છે.


લગ્નના વર્ષો પછી પણ જ્યારે દંપતિ ગર્ભધારણ કરી શકતા નથી ત્યારે તેઓ સામાજિક દબાણને લીધે તણાવ અનુભવે છે. માતા પિતા ન બનવાની લીધે ચિંતા, હતાશા અનુભવે છે. આવા મુશ્કેલ સમયએ રશ્મિ લોડાયા કાઉન્સેલર તરીકે તેમને ભાવનાત્મક ટેકો આપી આધારરૂપ થાય છે.

આધુનિક જમાનાની બદલાયેલી ખાણી પીણી, રોજગાર ક્ષેત્રનો માનસિક બોજ, આલ્કોહોલ, ડ્રગ્સનું સેવન, મોબાઈલ, સોશ્યિલ મીડિયાનું વધતું ચલણ ઉપરાંત ન્યુક્લિયર ફેમિલીને કારણે યુવા યુગલો પર વધારાની જવાબદારીઓ હોય છે. જેનાથી પતિ પત્ની વચ્ચેના સંબંધમાં પણ અશાંતિ ઊભી થાય છે. આવા દુઃખી માહોલમાં મૂંઝવણ પરિસ્થિતિમાં કાઉન્સેલર જીવનદાતા તરીકેની ભૂમિકા ભજવી શકે છે.




રશ્મિ પોતાના અભ્યાસ, અનુભવની સૂઝબૂઝ ટોક થેરેપી, સ્પિરિટચ્યુઅલ થેરેપી અને આર્ટ થેરેપીથી આવી પરિસ્થિતિને બખુબી રીતે દર્દીનો વિલ પાવર વધારે છે. તે ઉપરાંત પીડિત સ્વસ્થ સુંદર, તંદુરસ્ત જીવન જીવવા માટે Numerology, Handwriting, Analysis, Tarot Card reading, Crystal healing, face reading, Vastu Consultancy, Pendulum dowsing દ્વારા વિવિધ પ્રોબ્લેમના સોલ્યુશન આપે છે. સમાજના કોઈપણ વ્યક્તિને સમસ્યાનો સમાધાન આપવા તત્પર છે જેથી સમાજને એના જ્ઞાન અભ્યાસ અને અનુભવનો લાભ પ્રાપ્ત થઈ શકે. ક.દ. ઓ.જ્ઞાતિને ઋણ સ્વીકાર રૂપે જ્ઞાતિની કોઈ સંસ્થા તેના માર્ગદર્શન માટે સેમિનાર યોજવા ઈચ્છતી હશે તો એ માટે તે સદાય તૈયાર છે જે માટે સંપર્ક 9036245813, ઈમેઈલ આઈડી dharamshirashmi@gmail.com

# સંજીવની કેસ નં.૧૩૦ માટે રૂા.૪ લાખ જમા થઈ જતાં ક્રાઉડ ફંડિગમાંથી કેસ પાછો ખેંચાયો




મંજલ રેલડીયા-મુલુંડના શ્રીમતી પ્રિયા કે. ધરમશી ઉ.વ.૫૮ને હૃદયની સમસ્યા જેને સંધિવા મિટ્રલ તરીકે ઓળખાતી વાલ્વને લગતી તકલીફ છે. જેનો ઈલાજ વાલ્વ બદલવો અને CABG તથા ઠીકઠાક કરવો જરૂરી હોય છે. કમનસીબે દર્દી એકલા રહે છે. તેણીની બંન્ને પુત્રીઓ પરિણીત છે. પોતાના ગુજરાન માટે મુલુંડમાં જલારામ ઢોકળા ઘરમાં કામ કરે છે. તેમની નથી કોઈ બચત કે નથી વીમાના સંરક્ષણનું કવચ. તેમના રોગની સારવાર માટે રૂા.૪ લાખનો અંદાજિત ખર્ચ ડોક્ટરો દ્વારા અપાયેલ.

આકસ્મિક સારવાર ખર્ચ માટે તેઓ સમસ્ત મહાજનની મેડિકલ સમિતિ પાસે સંજીવની અંતર્ગત અરજી સબમીટ કરી હતી. અભ્યાસ અને તપાસ કરી સદર કેસ માટે રૂા.૪ લાખ જમા કરવા ક્રાઉડ ફંડિગમાં મૂકાયો. જણાવતાં ખુશી થાય છે કે જ્ઞાતિના ઉદારદિલ દાતાઓ, નોંધાયેલ પેટ્રન, શુભેચ્છક સહયોગીઓ, મહાજનોના ઉદાર ભાવ અને માનવતા બક્ષી સાથથી જોઈતી રકમ નોંધ પાત્ર સમયમાં જમા થઈ જતાં સંજીવની કેસ નં.૧૩૦ની ટહેલ ક્રાઉડ ફંડિગથી પાછી લઈ લેવા છે.

માનવતા લક્ષી કાર્યમાં પોતાનું યોગદાન આપનાર સૌનો મેડિકલ સમિતિ ગુણગાન કરી અનુમોદના કરે છે સૌના સાથ સહયોગની નત મસ્તકે વંદના કરે છે.

।। સુથરી તીર્થમંડન શ્રી ઘૃતકલ્લોલ પાર્શ્વનાથાય નમઃ ।।

।।શાસનદેવી શ્રી ચક્રેશ્વરી માતાય નમઃ।। ।। અચલગચ્છાધિષ્ઠાયિકા શ્રી મહાકાળી માતાય નમઃ ।।

# શ્રી સુથરી જૈન સંઘ

દ્વારા આયોજિત

## શ્રી ઘૃતકલ્લોલ પાર્શ્વનાથ દાદાના દેવવિમાનતૂલ્ય જિનાલયની

ૐ પુણ્યાહં ! પુણ્યાહં !! પ્રિયંતામ્ ! પ્રિયંતામ્ !!

## ૧૮૬માં ધ્વજારોહણે સ્નેહમયું આમંત્રણ

**ત્રયાન્હિકા મહોત્સવ**

**વિ.સં. ૨૦૮૦, વૈશાખ સુદ-૬, સોમવાર, તા. ૧૩.૦૫.૨૦૨૪ થી વૈશાખ સુદ-૮, બુધવાર, તા. ૧૫.૦૫.૨૦૨૪**

૧૮૬માં ધ્વજારોહણ ત્રયાન્હિકા મહોત્સવે પધારનાર ભાગ્યશાળી પરિવારોને રેલ્વે સેકન્ડ સ્લીપર ક્લાસ ટીકીટના લાભાર્થી પરિવાર **માતુશ્રી ઝવેરીબાઇ શામજી ખીંયશી પરિવાર**

**શ્રી ઘૃતકલ્લોલ પાર્શ્વનાથ દાદાના ૧૮ અભિષેક કરાવવાનો આદેશ સોમવાર, તા. ૧૩.૦૫.૨૦૨૪ના રોજ શ્રી સુથરી મહાતીર્થે રાત્રિ ભાવના દરમ્યાન અપાશે.**

| અભિષેક તથા ધ્વજારોહણનો લાભ | નકરો | અભિષેક તથા ધ્વજારોહણનો લાભ | નકરો |
|---|---|---|---|
| પ્રાચિન શ્રી અજિતનાથ દાદા (ગંભારો) | ૧૧,૦૦૦/- | શ્રી કુંથુનાથજી ૫-દેરી (ગંભારો) | ૧૧,૦૦૦/- |
| નૂતન શ્રી અજિતનાથ દાદા (ગંભારો) | ૧૧,૦૦૦/- | શ્રી જીરાવલ્લા ચૌમુખજી (ગંભારો) | ૧૧,૦૦૦/- |
| શ્રી આદિનાથ દાદા (ગંભારો) | ૧૧,૦૦૦/- | શ્રી સહસ્રકૂટ જિનમંદિર | ૫,૦૦૦/- |
| શ્રી શાંતિનાથ દાદા (ગંભારો) | ૫,૦૦૦/- | શ્રી ચક્રેશ્વરી દેવી ધ્વજા | ૫,૦૦૦/- |
| શ્રી ધર્મનાથ દાદા (ગંભારો) | ૫,૦૦૦/- | શ્રી મહાકાળી દેવી ધ્વજા | ૫,૦૦૦/- |
| શ્રી ચૌમુખજી દાદા (ગંભારો) તથા જ્ઞાનભંડારની ધ્વજા | ૫,૦૦૦/- | દાદાવાડી શ્રીપૂંજ ધ્વજા | ૩,૦૦૦/- |

**વિશેષ નોંધ: અભિષેકના નકરા માટે ૧ (એક) થી વધારે ભાગ્યશાળીઓ હશે તો ગંભારાની ઘૃતઉછામણી કરવામાં આવશે.**

**ત્રયાન્હિકા મહોત્સવે સાધર્મિક ભક્તિના લાભ માટેના નકરા**

| શુભ દિન | સંપૂર્ણ દિવસનો નકરો | નવકારશી | સાધર્મિક ભક્તિ | ચા-પાણી | ચૌવિહાર ભોજન |
|---|---|---|---|---|---|
| સોમવાર, તા. ૧૩.૦૫.૨૦૨૪ | ૭૨,૦૦૦/- | ૨૨,૦૦૦/- | ૩૩,૦૦૦/- | ૩,૦૦૦/- | ૧૭,૦૦૦/- |
| મંગળવાર, તા. ૧૪.૦૫.૨૦૨૪ | ૭૨,૦૦૦/- | ૨૨,૦૦૦/- | ૩૩,૦૦૦/- | ૩,૦૦૦/- | ૧૭,૦૦૦/- |
| બુધવાર, તા. ૧૫.૦૫.૨૦૨૪ | ૧,૦૧,૦૦૦/- | ૨૮,૦૦૦/- | ૫૫,૦૦૦/- | ૩,૦૦૦/- | ૧૭,૦૦૦/- |


**ગુરૂવાર, તા. ૧૬.૦૫.૨૦૨૪ શ્રી ભલારાદાદા દેવસ્થાનક - પીર ફરીયા-સુથરી સ્થાનકે ૮મો ધ્વજારોહણ** ઉજવવામાં આવશે. આપ સહુ સુથરીવાસીઓ, શ્રેષ્ઠિવર્યો વધુમાં વધુ ઉત્સાહથી જોડાઇ આંગણે આવેલા અવસરમાં ઉદારદિલથી જોડાઇ પુણ્યાનુંબંધી પુણ્યનું ઉપાર્જન કરી શકો છો. આપ સહુને લાભ લેવા માટે શ્રી સુથરી સંઘની પેઢીએ સંપર્ક કરી વહેલા તે પહેલાના ધોરણે નામ લખાવવા નમ્ર વિનંતી. જેથી જાહેરાત - કાર્યવાહી કરવા સુગમતા રહે.

**નોંધ: આપના આગમનની આગોતરી જાણ તેમજ ધ્વજારોહણે વિવિધ લાભ માટે શ્રી સુથરી જૈન સંઘની પેઢી સંપર્ક નં. ૯૭૧૪૨૮૪૨૨૩, શ્રી વર્ધમાન લોડાયા - ૯૮૩૩૫૮૫૨૮૦૫૨ ઉપર સંપર્ક કરવા નમ્ર વિનંતી.**

**સાધર્મિક ભક્તિના લાભની વિશેષ જાણકારી માટે સંપર્ક: શ્રી ચિંતન દંડ - ૯૮૨૦૧૪૭૯૬૭, શ્રી કાર્તિક દંડ - ૯૮૨૧૩૩૬૮૩૩**

**શ્રી સુથરી જૈન સંઘ વતી ટ્રસ્ટીગણ તથા વ્યવસ્થાપક સમિતિના સર્વે સભ્યો**

# સંજીવની કેસ નં.૧૩૧ માટે રૂા.૭૭ હજાર જમા થઈ જતાં ક્રાઉડ ફંડિગમાંથી પાછો ખેંચાયો




તેરા-ડોંબિવલીની ૨૧ વર્ષની શ્રુતિ હીરેન લોડાયાને પેટમાં અતિ દુઃખાવાની તકલીફને લીધે તાત્કાલિક હોસ્પિટલમાં એડમિટ કરાયેલ. જ્યાં ડોક્ટરોએ તેણીના રોગને માટે નિદાન કર્યું કે સિસ્ટ દૂર કરવા લેપ્રોસ્કોપિક સર્જરી કરવી જરૂરી છે. જેના ખર્ચ પેટે રૂા.૭૭ હજારનો અંદાજ અપાયો. શ્રુતિ માતા પિતાની સાથે રહે છે તેના પપ્પા નજીવા પગારની સર્વિસ કરે છે. પરિવારની કોઈ બચત નથી કોઈ વીમાનું પીઠબળ.

લોડાયા પરિવાર પર આવી પડેલ આકસ્મિક આપદાથી રાહત મળે એ કાજે સમસ્ત મહાજનની મેડિકલ સમિતિની સંજીવની યોજના અંતર્ગત કેસ પેપર સબમિટ કરી અરજી કરી. આ કેસ ક્રાઉડ ફંડિગ માટે મૂકાતા નોંધપાત્ર સમયમાં જ જોઈતી રકમનો ભંડોળ જમા થઈ જતાં સદર અરજીની ટહેલ ક્રાઉડ ફંડિગમાંથી પરત ખેંચી લેવાઈ હતી.

જ્ઞાતિના જરૂરિયાત ધરાવતા પરિવારોને વહાર ચડી હેત-હૂંફ આપનાર સૌ ઉદાર દિલ દાતાઓ, મહાજનો, સંસ્થાઓનો અનુગ્રહ માટે મેડિકલ સમિતિ ગદગદ ભાવથી અનુમોદના કરેછે. શત શત ભાવથી સંભારણા કરે છે.

# કચ્છ લાલા તીર્થે મૂળનાયક શ્રી ચંદ્રપ્રભ સ્વામીને આંગણે ૧૧૭મો ધ્વજા મહોત્સવ ઉજવાયો







કચ્છ અબડાસાના લાલા નગર તીર્થે મૂળનાયક શ્રી ચંદ્રપ્રભ સ્વામી દાદાને આંગણે ૧૧૭મો ધ્વજા મહોત્સવના અવસરે વિવિધ ધર્મ આરાધનાઓ પ.પૂ.સાધ્વીશ્રી મહોદયાશ્રીજી મ.સા.ની પાવન નિશ્રામાં કરાઈને સાનંદ સંપન્ન થયો. લાલાના માતુશ્રી સુંદરબેન ભવાનજી મૈશેરીની પડદોહિત્રી મુમુક્ષા રત્નાકુમારી પૃથ્વાબેનના વરસી દાનનો વરઘોડા જલ્લોષ સાથે નીકળ્યો હતો.

# પ.પૂ.સાધ્વીશ્રી કાર્યરક્ષિતાશ્રીજી મ.સા. સંયમ જીવનના ૨ વર્ષ પૂરા કરી ત્રીજા વર્ષમાં પ્રવેશ કર્યો

વિક્રમ સંવત ૨૦૭૮ના મહાસુદ ૭ તિથિ દિને વારાપધ્ધર નગરના લહેરચંદભાઈ મોતાના કાર્ય કુશળ અને ધર્મ સંસ્કારી પુત્રી કિંજલબેન આત્મકલ્યાણના ઉધ્ધાર માટે સંયમ જીવનના કઠીન માર્ગે આગળ વધવાનો સંકલ્પ કરી પાલિતાણામાં પ.પૂ.આ.ભ.શ્રી કવિન્દ્રસાગર સૂરિશ્વરજી મ.સા.ના હાથે દીક્ષા ગ્રહણ કરી ગુરૂ માતા પ.પૂ.સાધ્વીશ્રી દેવરક્ષિતાશ્રીજી મ.સા.ના શિષ્યા બની પ.પૂ.સાધ્વીશ્રી કાર્યરક્ષિતાશ્રીજી મ.સા. નામ સ્વીકારી સંયમ જીવન પથનો પ્રવાસ શરૂ કર્યો.

આજે વિક્રમ સંવત ૨૦૮૦ મહાસુદી ૭ તિથિ દિને પૂજ્ય સાહેબ ધર્મ, તપ, ત્યાગ, આરાધના કરતા સંયમ જીવનના ૨ વર્ષ પરિપૂર્ણ કરી ૩જા વર્ષમાં પ્રવેશ કર્યો છે. આ શુભ ઘડી દિને પૂજ્ય સાહેબ માટે એટલું ઈચ્છીએ કે પૂજ્યજી ધર્મ આરાધનાના માર્ગે આગળ વધતાં રહી દસક, વર્ષથી આગળ રજત, સુવર્ણ, હીરકને અમૃત વર્ષ પાર કરી સંયમ જીવનના શતક વર્ષના શિખરે બિરાજે એ શુભકામના એજ હૃદયની ભાવના સાથે શત શત વંદના.




સંસારી નામ
કિંજલબેન લહેરચંદ મોતા



સંયમી નામ
પ.પૂ.સાધ્વીશ્રી
કાર્યરક્ષિતાશ્રીજી મ.સા.

# સુજાપુર તીર્થના શ્રી અજિતનાથ દાદા જિનાલયની ૧૪૨ મી ધ્વજાને અચલગચ્છાધિપતિ મ.સા.ના વાસક્ષેપ આશીર્વાદ પ્રાપ્ત થયા





શ્રી અજિતનાથ દાદાની અસીમ કૃપા ભાવથી સુજાપુર સંઘ જિનાલયની ૧૪૨મી ધ્વજા પર અચલગચ્છાધિપતિ પ.પૂ. આ.ભ.શ્રી કલાપ્રભ સાગર સૂરિશ્વરજી મ.સા.ના વાસક્ષેપ આર્શીવાદ સાથે ૬૮ સાધુ સાધ્વીજી ભગવંતોના આશીર્વાદ અને સકળ સાભરાઈ સંઘના શુભ ભાવો પ્રાપ્ત થયા. જેના હરખ વધામણાં શ્રી કચ્છ સુજાપુર અજિતનાથ જૈન તીર્થ ગામ સુજાપુર તાલુકા અબડાસા ધન્યતા અનુભવી વારંવાર વંદના કરે છે.

# ખાનદેશ પ્રાંતના ચોપડા સંઘમાં શ્રી મુનીસુવ્રત સ્વામી દાદા જિનાલયનો ધ્વજા મહોત્સવ રંગે ચંગે સંપન્ન થયો





મહારાષ્ટ્ર રાજ્યના ખાનદેશ વિભાગના જીલ્લા જલગામના શ્રી કચ્છી દશા ઓસવાલ જૈન સંઘ ચોપડાના આંગણે મૂળનાયક શ્રી મુનિસુવ્રત સ્વામી દાદાના જિનાલયનો ધ્વજા મહોત્સવ વિવિધ ધર્મ આરાધનાઓ સાથે સતર ભેદી પૂજા કરી રંગે ચંગે ધર્મ ભાવ સાથે સંપન્ન થયો.

# શ્રી નલિયા નગરે મૂળનાયક શ્રી ચંદ્રપ્રભ સ્વામી દાદાનો ૧૮૩મો ધ્વજા મહોત્સવ આનંદભેર સંપન્ન થયો







અબડાસા તાલુકા મથક નલિયા નગર તીર્થે મૂળનાયક શ્રી ચંદ્રપ્રભ સ્વામી દાદાનો ૧૮૩મો ધ્વજા મહોત્સવ આનંદ અને ઉત્સાહના વાતાવરણમાં ધર્મ ભાવ સાથે સંપન્ન થયો.

# શ્રી સુજાપુર નગરના શ્રી અજિતનાથ સ્વામી જિનાલયે ધ્વજારોહણ મહોત્સવ હરખભેર ઉજવાયો





અબડાસા કચ્છમા સુજાપુર નગરના શ્રી અજિતનાથ સ્વામી જિનાલયના ૧૪૨મા ધ્વજા મહોત્સવ નિમિત્તે અઢાર અભિષેક, સત્તરભેદી પૂજા સહિત વિવિધ ધર્મ આરાધનાઓ કરી પ.પૂ.મુનિરાજ શ્રી મુક્તિ રત્ન સાગરજી મ.સા.ની નિશ્રામાં વિધિકાર કેવલભાઈ સાવલાના સથવારે ઉજવાયો.





# સંજીવની કેસ નં.૧૩૨ માટે રૂા.૨૪૦ લાખ જમા કરવાનો છે પડકાર




સુથરી ડોંબિવલીના ૭૪ વર્ષીય કેસર ચાંપશી દંડને પેટમાં તીવ્ર દુખાવાના લીધે અને કમળાને કારણે ઈમરજન્સીથી હોસ્પિટાલાઈઝ કરવા પડ્યા. તેમની સારવાર કરતાં ડોક્ટર આપેલ સલાહ પ્રમાણે તેમને જૂના CBD સ્ટેન્ટ દૂર કરવાની સાથે ERCP ની પ્રક્રિયાની જરૂર જેની સારવારનો ખર્ચ રૂા.૨.૪૦ અંદાજિત હોવાનો અપાયો છે.

કમનસીબે તેઓ એકલા રહે છે. તેમની એક માત્ર પરણિત પુત્રી છે. બચત નથી કમાણીનો કોઈ સ્તોત્ર નથી કે નથી વીમાના રક્ષણનું પીઠબળ આવી. અસહનીય પરિસ્થિતિમાં રોગની સફળ સારવાર કરી સ્વસ્થ થવાનો તેમની સામે મહા મોટો પડકાર છે. એ માટે કેસરભાઈએ જ્ઞાતિજનો માટેની સંકટ સમયની સાંકળ એવી સમસ્ત મહાજનની મેડિકલ સમિતિની સંજીવની યોજના અંતર્ગત મદદની ગુહાર કરી છે. જેના પ્રતિસાદ આપતા મેડિકલ સમિતિ કેસ નં.૧૩૨ની અરજી માટે જોઈતી રકમ રૂા.૨.૪૦ લાખ મેળવવા ક્રાઉડ ફંડિગ માટે મૂકેલ છે.

આશા નહીં પરંતુ પૂરતો વિશ્વાસ છે કે ઉદારજન દાતાઓ પેટ્રન મહાજનો અને સંસ્થાઓના અમૂલ્ય અને આધારરૂપ સહયોગથી કેશરભાઈ દંડ માટેની જરૂરિયાતની રકમ વહેલી તકે જમા કરી તેમને મદદરૂપ થઈ શકીશું અને તેઓ વહેલી તક સારવાર લઈ સ્વસ્થ થઈ પુનઃ સ્વઘરે પરત ફરે એવો શુભેચ્છા સહ સહયોગ આપણે આપીશું.

સંજીવની કેસ માટે આપેલ દાન રકમ ૮૦ જી અંતર્ગત કરણ મેળવવા ડોનરએ પાનકાર્ડ અને આધાર કાર્ડની ઝેરોક્સ પ્રત બીડવી જરૂરી છે.

# શ્રી મહાવીર જૈન હોસ્પિટલ થાણા સ્થળે મેગા કાર્ડિએક હેલ્થ કેમ્પનું આયોજન

અજીત ગોવિંદજી લાલકા-વાંકુ-ઠાકુર્લી જેઓ છેલ્લા ૨ વર્ષથી ચીફ ઓપરેશન ઓફિસર તરીકે શ્રી મહાવીર જૈન હોસ્પિટલ થાણામાં ફરજ બજાવે છે. તેમના દ્વારા અપાયેલ જાણકારી પ્રમાણે તા.૧૩ ફેબ્રુઆરીથી તા.૧૩ માર્ચ સુધી શ્રી મહાવીર જૈન હોસ્પિટલ, હજુરી સર્કલ, હજુરી દરગાહ રોડ, થાણા વેસ્ટમાં રાહત દરે મેગા કાર્ડિએક હેલ્થ કેમ્પનું આયોજન કરાયું છે. જેમાં હૃદય સ્પંદન અંતર્ગત હાર્ટને લગતા વિવિધ ચેકઅપ રાહત દરે કરી અપાશે. જેમાં કાર્ડિઓ મીની તપાસણી ઓપીડી રેટ રૂા.૧૭૯૫ ડિસ્કાઉન્ટ રેટ રૂા.૯૦૦માં, કાર્ડિઓમેક્ષી તપાસણી રૂા.૩૧૭૫ જે માત્ર રૂા.૧૫૦૦માં તથા ૮ પ્રકારની તપાસણી કરી આપતી કાર્ડિઓ પ્રો ચેકઅપ રૂા.૨૫૦૦માં કરી અપાશે તથા એન્જિયોગ્રાફી રૂા.૮૫૦૦ દરની માત્ર રૂા.૬ હજારમાં કેમ્પના લાભાર્થી પેશન્ટ માટે કરી અપાશે.

કેમ્પનો લાભ લેવા એપોઈન્ટમેન્ટ માટે લેન્ડ લાઈન નં.૦૨૨-૪૯૬૨૧૪૧૪/૪૯૬૨૧૫૧૫ અથવા મો.નં.૯૫૭૭૭૬૧૩૩૩ પર કરાવવું જરૂરી.

# શ્રી ડાઘા મોમઈ માઁ મિત્ર મંડળ વરાડીયા દ્વારા ૩૨મી પહેડી યોજાઈ







શ્રી ડાઘા મોમઈ માઁ મિત્ર મંડળ, વરાડીયા તા. ૧૧ ફેબ્રુઆરીના મુલુંડ, મુંબઈમાં આયોજિત કુળદેવી શ્રી મોમઇ માતાજીની સળંગ ૩૨ મી પહેડીનો લાભ સૌ.શીલાબેન ભરત હંસરાજ પરબત ડાઘા પરીવારે લીધેલ. ભુવાજી શ્રી આણંદજીભાઇ ડાઘા એ પહેડી પ્રસાદ વિધિ કરાવેલ. શ્રી વરાડીયા જૈન મિત્ર મંડળ તથા શ્રી ડાઘા મોમઈ માઁ મિત્ર મંડળ વરાડીયા દ્વારા ભક્તિ ગીતો રજૂ કરવામાં આવેલ. બેનો મન મુકીને ગરબા રાસ રમ્યા હતા.

શ્રી ડાઘા મોમઈ માઁ મિત્ર મંડળ દ્વારા લાભાર્થી પરીવારનું સન્માન થયેલ. લાભાર્થી પરીવાર તરફથી પધારેલ દરેક પરિણીત નિયાણી બહેનોને તથા પધારેલ સર્વ ભાવિકોને ઘર દીઠ પ્રભાવના કરવામાં આવેલ.

શ્રી ડાઘા મોમઈ માઁ મિત્ર મંડળ વરાડીયા સંચાલિત વરાડીયામાં મોમઈ માઁ સંકુલમાં શ્રી મોમઇ માતાજી તથા શ્રી ભલારા દાદાના મંદિરો છે તથા ડાઘા ભવન અતિથિગૃહ છે. આ વર્ષે વરાડીયામાં સં. ૨૦૮૦ ને ચૈત્ર સુદ પાંચમ (તા. ૧૩.૦૪.૨૦૨૪) ના ધ્વજારોહણનો લાભ મા. મધુબેન મહેન્દ્ર હંસરાજ ડાઘા પરીવારે લીધેલ છે.

॥ શ્રી અજિતનાથ સ્વામિને નમો નમઃ॥ ॥ શ્રી આર્ય-ગુણ-ગુણોદય-કલાપ્રભ-કવી-વીર-મહોદયસાગરસૂરી સદગુરૂભ્યો નમઃ ॥

# શ્રી કચ્છ સુજાપુર અજિતનાથ જૈન તીર્થ



## ગુરુ પધરામણી મહાપર્વ નિમિત્તે



**શ્રી ચકેશ્વરી - અચલગચ્છાધિષ્ઠાયિકા**
**શ્રી મહાકાલી માતા પૂજન - હવન પ્રસંગે**

**પધારો... પધારો... પધારો...**



**શુભ દિન : વિ.સ.૨૦૮૦, મહા વદ ૮, તા. ૨ માર્ચ ૨૦૨૪**

શ્રી કચ્છ સુજાપુરના આંગણે **શ્રી ગુરૂગુણસાગરસૂરિ** મહારાજાના પટ્ટધર
અમારા સંઘના પરમ ઉપકારી સંઘ શાસન કૌશલ્યાધાર, અચલગચ્છાધિપતિ
**પ.પૂ.આ.ભ. શ્રી કલાપ્રભસાગરસૂરીશ્વરજી મહારાજા સાહેબ આદિ**

સપરિવાર પધરામણી...
આવી છે આનંદ ઉમંગની વધામણી...

સુજ્ઞ આરાધક આત્મન્ !

ગુરૂની પધરામણીને આનંદ વધામણીના મંગલ અવસરે આપ સહુને આમંત્રણ આપતા અનેરો હર્ષ અનુભવી રહ્યા છીએ. ૧૭ વર્ષ પહેલા પૂજ્યપાદશ્રીની નિશ્રામાં વરદ્ હસ્તે શ્રી અજિતનાથ દાદાના જિનાલયની પુનઃ પ્રતિષ્ઠા રંગે ચંગે ઉજવાઇ... ત્યારબાદ તપચક ચકવર્તિ, અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ.શ્રી ગુણોદયસાગરસૂરીશ્વરજી મ.સા., વર્તમાન અચલગચ્છાધિપતિશ્રી તથા ચાર ચાર આચાર્ય ભગવંતો તથા મુનિવરો સુજાપુરના આંગણે પાવન પગલા કરી ગયા. વડોદરા મુકામે પૂજ્યપાદ અચલગચ્છાધિપતિશ્રીને વિનંતી કરવામાં આવેલ, જેનો પૂજ્યશ્રીએ સ્વીકાર કરેલ.

શ્રી ભદ્રેશ્વર તીર્થ, સાભરાઇ, પુનડી, રાપર ગઢવાળી, મોટી સીંધોડી જિનાચલોની અંજનશલાકા પ્રતિષ્ઠા, ગુરૂમંદિર તથા શિલાસ્થાપનાદિ અનેકવિધ શાસન પ્રભાવના કરતા મહા વદ ૮, શનિવાર, તા. ૨-૩-૨૦૨૪ ના આપણા સુજાપુરના આંગણે પૂજ્ય પાદ અચલગચ્છાધિપતિશ્રી પધારશે ત્યારે આપણે સર્વે ગામવાસી ભાઇ-બહેનોએ ગુરૂપધરામણી પર્વ ઉજવવા હાજર રહી શાસન અને જ્ઞાતિની શોભા વધારવા વિનંતિ... સકલ શ્રી સંઘને આ પ્રસંગે પધારવા વિનંતી... ગત વર્ષે ધ્વજારોહણ મહોત્સવે મધુર કંઠી પ.પૂ. મુનિરાજશ્રી મુક્તિરત્નસાગરજી મ.સા. એ પ્રેરણા આપતા અચલગચ્છાધિષ્ઠાયિકા ભગવતી માતાનું પૂજન-હવનનું આયોજન કરેલ છે. આ પ્રસંગે પ.પૂ. યતિવર્ય શ્રી મોતીસાગરજી મ.સા. પધારશે.

**શુભ કાર્યક્રમ : શનિવાર. તા. ૨-૩-૨૦૨૪**

- સવારે ૦૭.૦૦ કલાકે : પૂજ્યપાદ અચલગચ્છાધિપતિ ગુરૂદેવાદિ મુનિવરોનું સામૈયુ તથા માંગલિક પ્રવચન
- સવારે ૦૮.૦૦ કલાકે : નવકારશી
- સવારે ૦૯.૦૦ કલાકે : શ્રી ચકેશ્વરી, અચલગચ્છાધિષ્ઠાયિકા ભગવતી મહાકાલી પૂજન, હવન
- બપોરે ૧૨.૩૦ કલાકે : સાધર્મિક ભક્તિ

**વિધિકારક : શ્રાદ્ધવર્યશ્રી કેવલભાઈ સાવલા** **સંગીતકાર : શ્રી કિશોર સંઘાર એન્ડ પાર્ટી**

**ગુરુ પધરામણી મહાપર્વના સંપૂર્ણ પુન્યવંતા દાતા પરિવારો આપ સપરિવાર પધારી પ્રસંગને અજવાળજો**
**સકલ શ્રી સંઘ સપરિવાર પધારી અમારા ઉત્સાહમાં વધારો કરશો....**

**નિમંત્રક : શ્રી કચ્છ સુજાપુર અજિતનાથ જૈન દેરાસર ટ્રસ્ટ**

# માંડવીના સમુદ્રતટ આવેલું જિનમંદિર સાધનાનું કેન્દ્ર : શ્રી અજીતનાથજી જિનાલયની ૧૪૩ મી વર્ષગાંઠ ઉજવાઇ





માંડવી શહેરનાં બંદર રોડ મધ્યે આવેલ શ્રી અજીતનાથજી જિનાલયની ૧૪૩ મી વર્ષગાંઠ પ.પૂ. ઉપાધ્યાય શ્રી પુર્ણભદ્રસાગરજી મ.સા.ની શુભ પાવન નિશ્રામાં ધાર્મિક આરાધનાઓ સાથે ઉજવાઇ હતી.

અજીતનાથ પ્રભુજીની મુખ્ય ધ્વજાના ચડાવાનો લાભ માતુશ્રી હીરબાઇ પુનશી મૈશેરી પરિવાર, આદિનાથ પ્રભુજની ધ્વજાનો લાભ પુર્ણિમાબેન જીગરભાઇ વૃજલાલ સંઘવી પરિવાર જયારે શાંતિનાથ પ્રભુજીની ધ્વજાનો લાભ મધુકાન્ત બાબુલાલ શાહ પરિવારે લીધો હતો. શાસ્ત્રોક્ત વિધિ વિધાન સાથે સતર ભેદી પૂજા ભણાવવામાં આવેલ. જિનાલયના શ્વેત શિખરો ઉપર ધ્વજારોહણ કરવામાં આવેલ.

આ શુભ અવસરે પધારેલા પ.પૂ. ઉપાધ્યાય શ્રી પુર્ણભદ્રસાગરજી મ. સા.એ માંગલિક શ્રવણ કરાવતાં જણાવ્યું હતું કે, ધ્યાન કરવાની વિધિઓ માટે જેટલા સ્થાન બતાવ્યા છે એની અંદર એક સમુદ્રતટ એમ શબ્દ શાસ્ત્રોમાં વાપરેલો છે. અજીતનાથ પ્રભુજી પણ સમુદ્ર તટ ઉપર બિરાજમાન છે. આ જિન મંદિર પણ એક સાધના કેન્દ્ર છે. જેથી આ આલૌક્કિ અને ચમત્કારિક પ્રતિમાજીનાં દર્શન માત્રથી સર્વે દુ:ખડા દૂર થતા હોય છે. આ પ્રસંગે પ્રવિણ ગોર એન્ડ પાર્ટીએ સંગીત રસ પીરસેલ. માંડવી અને વર્ધમાનનગરની બહેનોએ રાસની રમઝટ જમાવેલ.

બપોરનું સ્વામિવાત્સલ્ય સંઘમાતા માતુશ્રી ભારતીબેન ભાગચંદ જૈન ધરમશીં કોઠારા-મુલુન્ડ પરિવાર દ્વારા, રંગમંડપ શણગાર માતુશ્રી ચંદનબેન ધનજી પાશ્વીર મૈશેરી માંડવી પરિવાર હસ્તે હિતેશભાઇ તથા સવારની નવકારશી માતુશ્રી કસ્તુરબાઇ હીરાચંદ મુનવર કોઠારા-વર્ધમાનનગર હસ્તે જયાબેન પ્રબોધ મુનવર પરિવાર દ્વારા યોજવામાં આવેલ. ત્રણે દાતા પરિવારોનું શ્રી સંઘ દ્વારા બહુમાન કરવામાં આવેલ.

આ અવસરે જિનાલયમાં ૨૩-૨૩ વર્ષ સુધી પૂજારી તરીકે નિષ્ઠાપૂર્વક ફરજ બજાવનાર અને નિવૃત્ત થતા પૂજારી શ્રી તિલકભાઇ દેવશીં ડાઘાનું શ્રી અજીતનાથજી જૈન દેરાસર ટ્રસ્ટ માંડવી દ્વારા સન્માનપત્ર, મોમેન્ટો અર્પણ કરી બહુમાન કરવામાં આવેલ.

આ પ્રસંગે મયુરભાઇ શાહ,સંજયભાઇ ડગારાવાલા, દીનેશભાઇ એમ. શાહ, દિલીપભાઇ જૈન, નરેશભાઇ શાહ, ચેતન વોરા, વીરલભાઇ, ખુશાલ શાહ, શાંતિલાલભાઇ, રાજેન્દ્રભાઇ શાહ, મહેશભાઇ, લેરીભાઇ, મેહુલભાઇ શાહ, પારસભાઇ સંઘવી, લાન્તીકભાઇ શાહ, સમીર શાહ, સોમભાઇ ધરમશી, રસીકભાઇ સંઘવી,નૈશેદ ભંડારી, મનસુખભાઇ, ભરતભાઇ મહેતા તથા માંડવી જૈન સંઘોના આગેવાનો ખાસ ઉપસ્થિત રહ્યા હતા.

વ્યવસ્થા ભદ્રીકભાઇ મૈશેરી, પ્રબોધ મુનવર, વિનય મૈશેરી, જીગર મૈશેરી, તિલક ડાઘા, કૃણાલ ડાઘા, દિલીપ બારીયાએ સંભાળી હતી.

# કેડીઓ વેલ્ફેર એસોસિએશનની સામાજિક સુરક્ષા યોજનાની ૨ ઉપર ૧ ફ્રી સ્કીમની ઓફર તા.૨૯ ફેબ્રુઆરી સુધી વધારાઈ છે

કેડીઓ વેલ્ફેર એસોસિએશનની સામાજિક સુરક્ષા યોજનાની ૨ ઉપર ૧ ફ્રી સ્કીમની ઓફર સ્કીમમાં એકી સાથે ત્રણ ફોર્મ ફક્ત રૂ.૪ હજારમાં આપવાની મુદત હવે લંબાવી તા.૨૯ ફેબ્રુઆરી ૨૦૨૪ સુધી કરાઈ છે. પાત્રતા કેડીઓ જ્ઞાતિના ૫ વર્ષથી ૫૦ વર્ષ સુધીના રૂ.૨ હજાર એક જ વખત ભરવાના જેમાં ૫૫ વરસની વય સુધી મ્યુચુઅલ બેનીફિટ કવર. નોર્મલ અવસાન રૂ.૧ લાખ જ્યારે અકસ્માતથી અવસાન માટે વધારાના રૂ.૧ લાખ વળતર અપાશે.

૩ ફોર્મ માટે રૂ.૬ હજારને બદલે રૂ.૪ હજાર ભરવાના રહેશે આ સ્કીમ ૨૯ ફેબ્રુઆરી સુધી લંબાવી છે. ડાયરેક્ટ સંસ્થાના બેંક ખાતામાં રકમ ભરવાની. જેની વિગત **K.D.O.WELFARE ASSOCIATION,** State Bank Of India, Mulund Branch, CD account, 35621180657, IFC: SBIN0003225 અથવા Shri Arihant Co op Bank Ltd, Mulund Branch, SB A/C 002001002297. રકમ ડાયરેક્ટ બેંકમાં ભરવી તથા પેમેન્ટ વિગતો ફોર્મમાં દર્શાવવી.

નિયત PDF ફોર્મ ભરી ફોટો લગાવવો. જન્મ તારીખના દાખલા રૂપે પેન કાર્ડ અથવા આધાર કાર્ડ અથવા બર્થ સર્ટિફિકેટની નકલ જોડાવી.

ભરેલ ફોર્મ સાથે બધા ડોક્યુમેન્ટ પેપર કુરિયર/સ્પીડ પોસ્ટ/હેન્ડ ડિલિવરીથી મુંબઈ અથવા હૈદરાબાદ મોકલી આપવા.

ખાસ નોંધઃ એપ્રિલ ૨૦૨૩ થી સભ્યને રિટાયરમેન્ટ બાદ ડિપોઝિટ રિફંડ બંધ કરવામાં આવેલ છે.

પ્રેસિડેન્ટઃ દીપક ગંગાજર શાહ ડાઘા-એ૧૨૦૩, મહાવીર રેસિડન્સી, બાલરાજેશ્વર મંદિર પાસે, એલ.બી.એસ.માર્ગ, મુલુંડ વેસ્ટ, મુંબઈ-૮૦. મો.નં.૮૭૬૭૭૫૩૦૮૨, ૮૯૭૬૦૧૭૮૩૦.

સેક્રેટરી : કિરણ ઠાકરશી મૈશેરી-એચ ૧-૨-૨૩૬/૨૬, એસએલઆર રોડ નં.૮, કોથાપેટ, હૈદ્રાબાદ-૫૦૦ ૦૩૫. મો.નં.૯૮૮૫૨૧૬૮૮૬

**ફોર્મ માટે અહીં ક્લીક કરો**

# પ.પૂ.સાધ્વીશ્રી માર્ગદર્શિતાશ્રીજી મ.સા. સંયમજીવનના ૫મા વર્ષમાં પ્રવેશ કર્યો

તેરા-રાયપુરના માવિત્ર પ્રભાબેન મહેન્દ્ર લોડાયાની સગુણા પુત્રી મોનિકાબેન પૂર્વભવના કર્મ સંસ્કારે આત્મ મોક્ષના માર્ગે જવા સંકલ્પ કરી વિક્રમ સંવત ૨૦૭૬ના મહાસુદ ૮ના ચાલીસગામ નગરે પ.પૂ. આ.ભ.શ્રી મહોદયસાગરસૂરિશ્વરજી મ.સા.ના હસ્તે દીક્ષા ગ્રહણ કરી ગુરૂ પ.પૂ.સાધ્વીશ્રી મહાપ્રજ્ઞાશ્રીજી મ.સા.ના શિષ્યા થઈ પ.પૂ.સાધ્વીશ્રી માર્ગદર્શિતાશ્રીજી મ.સા.નામ ગ્રહણ કરી સંયમજીવન પથ પર વિચરણનો પ્રારંભ કર્યો. ધર્મ, તપ, ત્યાગને આરાધના સાથે સંયમ જીવનના ૪ વર્ષ પૂર્ણ કરી આજે વિક્રમ સંવત ૨૦૮૦ના મહાસુદ ૮ના તિથિ દિને ૫મા વર્ષમાં પ્રવેશ કર્યો છે. ત્યારે સૌ ભાવિકજનોના હૈયે ભાવ છે કે પૂજ્ય સાહેબ સંયમ જીવનના દસક વર્ષ, રજત, સુવર્ણ, હીરકને અમૃત વર્ષ પાર કરી શતક વર્ષના શિખરે બિરાજે એ શુભકામના સાથે શત શત વંદના.



મુમુક્ષુ મોનિકાબેન 🙏 નૂતન દીક્ષિત મ.સ. માર્ગદર્શિતાશ્રીજી

## શ્રી કોઠારા જૈન મહિલા મંડળના ૨૬મા વર્ષના પ્રથમ પ્રોગ્રામમાં ધર્મ ભક્તિ કરાઈ

તા.૧૦ ફેબ્રુઆરી શનિવારના શ્રી વીરજી જીવરાજ મેપાણી હોલ, દેવપુંજ મુલુંડ વેસ્ટમાં શ્રી કોઠારા જૈન મહિલા મંડળના ૨૬મા વર્ષ પ્રવેશના પ્રથમ પ્રોગ્રામમાં શ્રીમતી સરલાબેન મણિલાલ લોડાયા કલવાએ સુંદર રીતે સકારાત્મક ઊર્જાથી ભરપૂર શ્રી નવકાર મહામંત્ર તથા ઉવસ્સંગ્ગહર સ્તોત્ર દ્વારા શ્રી પાર્શ્વનાથ દાદાના જાપ કરાવ્યા તથા તીર્થોની, નવગ્રહ શાંતિની તથા નવકાર મંત્ર વિષેની માહિતી ખૂબજ સુંદર રીતે રજૂ કરી હતી.



## શ્રી કેડીઓ મહિલા મંચ અમદાવાદ દ્વારા પાવાગઢનો યાત્રા પ્રવાસ યોજાયો



શ્રી કેડીઓ મહિલા મંચ અમદાવાદ દ્વારા તા.૧૦ ફેબ્રુઆરી શનિવારે પાવાગઢનો યાત્રા પ્રવાસ સાથે એક દિવસ પિકનિક યોજાઈ. સવારના સૌ અમદાવાદથી પાવાગઢ પ્રયાણ કર્યું. ત્યાં પહોંચી નવકારશી કર્યા બાદ મહાકાળી માતાના દર્શન કરવા પહોંચ્યા હતા. દર્શન લાભ લીધા બાદ ત્યાંથી સીએટા ફાર્મમાં બપોર તથા સાંજનું જમણવાર કરેલ. આખો દિવસ ગેમ્સ, હાઉસી, ક્રિકેટની મજા સૌ બહેનોએ માણી. આનંદ-પ્રમોદ માણી રાતના અમદાવાદ પરત આવેલ. આ એક દિવસની યાદ સૌ બહેનોના મનમાં યાદ સ્મૃતિમય થઈ ગઈ હતી.

## શ્રી ક.દ.ઓ. જૈન મિત્ર મંડળ કચ્છ બાંડીયા આયોજિત ૮મું સ્નેહમિલન

તા.૨૫ ફેબ્રુઆરી રવિવારે સવારે ૯ થી બપોરે ૨.૩૦ કલાક દરમ્યાન શ્રી કચ્છી દશા ઓસવાલ જૈન મિત્ર મંડળ કચ્છ બાંડીયા દ્વારા ગામ જ્ઞાતિજનોનું ૮મું સ્નેહમિલન સમારંભનું આયોજન મેવાડ કેસરી ભવન હોલ, એલ.બી.એસ. માર્ગ, ભાંડુપ (વેસ્ટ) મધ્યે યોજાયુંછે. જેમાં ગામાઈ જ્ઞાતિજનોને સહપરિવાર તથા તેમની નિયાણી બહેનો, દીકરીઓ, જમાઈ સાથે પધારવાનું હાર્દિક આમંત્રણ જૈન મિત્ર મંડળના પ્રમુખ શ્રીમતી હંસાબેન હીરાચંદ પટેલ, ઉપપ્રમુખ મણિકાન્ત રાયશી લોડાયા, માનદમંત્રી પારસ લહેરચંદ પટેલ, સહમાનદ મંત્રી કિરીટ દામજી લોડાયા તથા ખજાનચી તિલકચંદ કુંવરજી લાલકા તરફથી અપાયું છે.

સમારોહના ખર્ચને પહોંચી વળવા નવકારશી દાતા નકરો રૂ.૨૫ હજાર, બપોરના જમણવારના દાતા નકરો. રૂ.૭૫ હજાર તથા હોલભાડાના દાતા નકરો, રૂા.૭૫ હજાર નક્કી કરાયેલ છે. જે માટે વહેલા તે પહેલાના ધોરણે ભાગ્યશાળીએ પોતાના નામ કિરીટ દામજી લોડાયા પાસે લખાવી દેવા, બેનર, મોમેન્ટો અને સ્ટેજ સત્કાર દાતાના પરિવારની અનુમોદના કરવામાં આવશે. નવકારશી દાતાનો લાભ માતુશ્રી કસ્તુરબેન વિશનજી નાગડા-ભાંડુપ પરિવાર તુરંત જ લીધેલ છે.

આર્થિક સામાજિક, ધાર્મિક, રાજકીય, શૈક્ષણિક ક્ષેત્રે કોઈ અનોખી સિદ્ધિ પ્રાપ્ત કરી હોય તેવી વ્યક્તિએ પોતાનું નામ વહેલી તકે નોંધાવી લેવુ. સ્નેહમિલન, સામુહિક ક્ષમાપના, ગુરુવંદના વ્યક્તિ વિશેષ સન્માન, પધારેલા મહેમાનોનું આદર સત્કાર ઓળખાણ પરિચય, રાસ ગરબા સાથે ગામવાસીઓને લાંબા સમય પછી રૂબરુ મળવાનો લાભ પધારનારને મળશે.

## અનિલ ભવાનજી ધરમશી ૩૬૦૦ વિદ્યાર્થીઓને નાણાંકીય રોકાણનું માર્ગદર્શન આપ્યું




બાયઠ-ભાંડુપના અનિલ ભવાનજી ધરમશી નાણાંકીય રોકાણ અને વીમા તથા મ્યુચ્યુઅલ ફંડ ક્ષેત્રના માર્ગદર્શક છે. તેઓ નેશનલ મેરિટ સ્કોલરશિપ ધારક છે અને અમેરિકન ઓઈલ કેમિસ્ટ સોસાયટી ઈલિનોઈસ યુ.એસ.એ.ના મેમ્બર છે.

તા.૧૫ ફેબ્રુઆરી ગુરૂવારના મહારાષ્ટ્રના તીર્થક્ષેત્ર પંઢરપુર જિલ્લા સોલાપુરની વિઠ્ઠલ એજ્યુકેશન એન્ડ રિસર્ચ ઈન્સ્ટિટ્યૂટ કોલેજ ઓફ એન્જિનિયરીંગ એન્ડ કોલેજ ઓફ ફાર્મસી (SVERI) કેમ્પસમાં ૩૬૦૦ જેટલા વિદ્યાર્થીઓને પ્રેરક માર્ગદર્શન આપ્યું હતું અને ઈન્વેસ્ટમેન્ટ અને તેની ઉપયોગીતા બદલ સરળતાથી માર્ગદર્શન આપ્યું હતું. વિઠ્ઠલ ઈન્સ્ટિટ્યૂટના સેક્રેટરી તથા સેનેટ મેમ્બર બી.પી.રોન્ગે એ તેમનું ભાવભીનું સ્વાગત સન્માન કર્યું હતું.

## પ.પૂ.સાધ્વીશ્રી જિનગુણાશ્રીજી મ.સા.એ સંયમ જીવનના ૩૭મા વર્ષમાં પ્રવેશ કર્યો



વિક્રમ સંવત ૨૦૪૪ના મહાસુદ ૧૦ તિથિ દિને કચ્છ જખૌના માવિત્ર કાંતાબાઈ જીવરાજ મૈશેરીના ધર્માનુરાગી પુત્રી સંયમ જીવન પંથે વિચરણના કોડને સાકાર કરતાં પ.પૂ.આ.ભ.શ્રી મહોદયસાગર સૂરિશ્વરજી મ.સા.ના હાથે પાલીતાણામાં દીક્ષા ગ્રહણ કરી ગુરૂમૈયા પ.પૂ.સાધ્વીશ્રી રતનશ્રીજી મ.સા.ના શિષ્યા તરીકે પ.પૂ. સાધ્વી શ્રી જિનગુણાશ્રીજી મ.સા. નામ ગ્રહણ કરી સંયમ જીવન શરૂ કર્યું.

આજ, કાલ, મહિના, વરસ વીતતા આજે વિક્રમ સંવત ૨૦૮૦ના મહાસુદી ૧૦ તિથિએ પૂજ્ય સાહેબ ધર્મ, ત્યાગ, તપ, આરાધના ભાવ સાથે સંયમ જીવનના ૩૬ વર્ષ પૂર્ણ કરી ૩૭મા વર્ષમાં પ્રવેશ કર્યો છે. ત્યારે સૌ ગુરૂ ભક્તોની કામનાને ભાવના છે કે પૂજ્ય સાહેબ શાતાપૂર્ણ રીતે સંયમ જીવન પથ પર અવિરત આગળ વધતા રહી સુવર્ણ, હીરક, અમૃત વર્ષને ઓળંગી શતક વર્ષના શિખરે બીરાજમાન થાય. સાહેબજીને શત શત વંદના.

## પાલીતાણાના સંગેમરમરના ગુરૂ મંદિરની પ્રથમ વર્ષગાંઠે ધ્વજારોહણ મહોત્સવ યોજાયો





શ્રી ક.દ.ઓ.જી.વી.સી.જૈન સંઘ દ્વારા પાલીતાણા તીર્થે શેઠ શ્રી નરશીનાથા ચેરીટી ફંડ ટ્રસ્ટની ધર્મશાળાના સંકુલમાં ગત વર્ષે નિર્માણાધીન પ.પૂ.અચલગચ્છાધિપતિ આ.ભ.શ્રી ગુણોદયસાગર સૂરિશ્વરજી મ.સા.ના સંગેમરમરના ગુરૂ મંદિરની પ્રથમ વર્ષગાંઠના અવસરે ધ્વજા મહોત્સવ તથા શેત્રુંજય યાત્રા માટે શ્રી ક.દ.ઓ.જી.વી.સી. સંઘ આયોજિત તા.૧૧ ફેબ્રુઆરીથી તા.૧૩ ફેબ્રુઆરી સુધી પાલીતાણા યાત્રા ભાવપૂર્વક યોજાઈ.

# દક્ષિણના શત્રુંજય સમાન કુંભોજગીરી મહાતીર્થના શ્રી જગવલ્લભ પારસનાથ જિનાલયનો ૧૫૪મો ધ્વજારોહણ મહોત્સવ હર્ષોલ્લાસ સહ સંપન્ન

તા.૧૬ ફેબ્રુઆરી શુક્રવારના મહામંગલકારી દિવસે સાહિત્ય દિવાકર અચલગચ્છાધિપતિ પ.પૂ. સા.ભ.શ્રી કલાપ્રભસાગર સૂરિશ્વરજી મહારાજના વિનિત શિષ્ય રત્ન, દક્ષિણ રત્ન, મહાતપસ્વી પ.પૂ. ગણિવર્ય શ્રી ધર્મસાગરજી મ.સા.ની નિશ્રામાં દક્ષિણના શત્રુંજય સમાન કુંભોજગીરી મહાતીર્થ શ્રી જગવલ્લભ પારસનાથ જિનાલયની ૧૫૪મી ધ્વજારોહણ હર્ષોલ્લાસ સંગાથે સંપન્ન થઈ.





# ભાવભીની શ્રદ્ધાંજલિ



**વેલજીભાઈ પોલડીયા**
તા.૧૨ ફેબ્રુઆરી (ઉ.૮૨)
બાયઠ-બાયઠ




**શાંતાબાઈ મોમાયા**
તા.૧૩ ફેબ્રુઆરી (ઉ.૮૦)
બારોઈ-સૈદાપુર



**સોનબાઈ સોની**
તા.૧૪ ફેબ્રુઆરી (ઉ.૯૬)
વાંકુ-વડાલા



**પ્રવિણાબેન ગાંધી**
તા.૧૪ ફેબ્રુઆરી (ઉ.૬૨)
વિજયાબાઈ હિરાચંદ મોતા ના પુત્રી



**સુરેશભાઈ મોમાયા**
તા.૧૫ ફેબ્રુઆરી (ઉ.૭૭)
સાંયરા-ડોંબિવલી



**મહેન્દ્રભાઈ લોડાયા**
તા.૧૫ ફેબ્રુઆરી (ઉ.૬૮)
કોઠારા-સિંકદરાબાદ



**ચંદનબેન દંડ**
તા.૧૬ ફેબ્રુઆરી (ઉ.૮૩)
લુણી-લુણી

**આ કોલમમાં આપના કુટુંબીજનોને આપ વિનામૂલ્યે શ્રદ્ધાંજલિ આપી શકશો. વિગતમાં આપ નામ, ફોટો, ઉંમર અને હાલ વસવાટની વિગત વિનામૂલ્યે આપવામાં આવશે.**



# વતનજા વાવડ ...

– સં. રાજન ચંદે 'ધૂણી'

● કચ્છ જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ સંચાલિત સરહદ ડેરી દ્વારા અંજાર તાલુકાના સતાપર ગામે કલસ્ટર બીએમસી બલ્ક મિલ્ક કૂલરનું ઉદ્‌ઘાટન કરાયું. આ બલ્ક મિલ્ક કૂલરમાં છ ગામનું મળી દૈનિક છ હજાર લિટર દૂધ સંગ્રહિત થશે. જે માટે સતાપર ગામની દૂધ મંડળીએ ૫૦ લાખનો ખર્ચ કર્યો છે. જેમાં સરહદ ડેરીએ ૫૦ ટકા રકમ લોન તથા અંદાજે આઠ લાખની સબસિડી કેન્દ્ર સરકારની યોજનામાંથી અપાઈ છે.

● અબડાસા તાલુકાના મામલતદાર મહેશ કતીરાએ નલિયા માંડવી રોડ ઉપર ખનિજ ચોરી અટકાવવા પેટ્રોલિંગમાં હતા ત્યારે માંડવી તરફથી રેતી ભરેલી ટ્રક સહારા હોટેલ પાસે અટકાવી પૂછપરછ કરતાં રેતી ભરેલી હતી તેની પરમિટ તથા રોયલ્ટીના કાગળપત્રો રજૂ કરવાની માંગણી કરતા ડ્રાઈવર તરફથીએ સુપ્રત ન થતાં ટ્રક ડ્રાઈવર સાથે ટ્રક ઉપર કાયદેસર કાર્યવાહી કરી ટ્રકને કોઠારા પોલીસ સ્ટેશનમાં સુપ્રત કરી હતી અને આગળની કાર્યવાહી માટે ખાણ ખનિજ વિભાગને જાણ કરવામાં આવી હતી.

● ભારતમાં વિશ્વનો સૌથી મોટો રિન્યુએબલ એનર્જી પ્લાન્ટ કચ્છના ખાવડાથી ૧૫૦ કિલોમીટર દૂર મોટા રણમાં આકાર લઈ રહ્યો છે. આ પ્રોજેક્ટનો મુખ્ય હેતુ ભારત પુનઃપ્રાપ્ય (રિન્યુએબલ) ઊર્જા તરફ આગળ વધી શકે તે છે. પુનઃપ્રાપ્ત, ઊર્જામાં સોલાર તેમજ પવન ઊર્જા એમ બંન્નેનો સમાવેશ થાય છે. આ પ્રોજેક્ટ અદાણી જૂથ દ્વારા વિકસાવવામાં આવી રહ્યું છે. ૭૨૬ ચોરસ કિલો મીટરમાં ફેલાયેલ આ પ્રોજેક્ટનું ૬૦ ટકા કામ પૂર્ણ થઈ ગયું છે. જે સિંગાપોરના ઘેરાવાની સમકક્ષ થાય છે. વર્ષ ૨૦૨૫માં ૫૦ ટકા ઉત્પાદન સાથે શરૂ થઈ જશે અને વર્ષ ૨૭-૨૮માં ૧૦૦ ટકા સ્થાપિત ક્ષમતા પ્રમાણે કાર્ય કરવા લાગશે. અગાઉ આ પ્રોજેક્ટની ક્ષમતા ૩૦ ગિગાવોટ હતી તે હવે વધારીને ૪૨ ગિગાવોટ સુધી લઈ જવામાં આવી છે. અગાઉ ૬૦ હજાર હેક્ટર જમીન ફાળવવામાં આવી હતી તે હવે ૭૨ હજાર હેક્ટર ફાળવાઈ છે. આશરે રોકાણ ૧.૫૦ લાખ કરોડનું હતું જે હવે ૨ લાખ કરોડનું રોકાણ થશે.

● અલ્ટ્રાટ્રેક સિમેન્ટ લિમિટેડના યુનિટ એવા અબડાસાના વાયોર સ્થિત સેવાગ્રામ સિમેન્ટ વર્કસ દ્વારા વિવિધ ગામ વિકાસની કરાતી પ્રવૃત્તિ અંતર્ગત સી.એસ.આર. અને વેટરનરી ડિપાર્ટમેન્ટના સંયુક્ત ઉપક્રમે કુલ્લ ૧૦૪૭૭ થી વધુ પશુનું એફએમડી રસીકરણ કરાયું. અબડાસા તથા લખપત તાલુકાના ગાયોમાં ગાય અને ભેંસો માટે એફએમડી વેક્સિનેશન કરવામાં આવ્યું. જેનાથી પશુઓને ફૂટ માઉથ રોગથી રક્ષણ મળે છે.

● આજના સમયમાં પેઢી દર પેઢીની વિચારધારાઓની અથડામણને કારણે સર્જાતી સમસ્યાઓ વચ્ચે બંન્નેમાં તાલમેલ બેસાડવાના એક પ્રયાસરૂપે મુંબઈ વિલેપાર્લા પૂર્વના કચ્છી વિશા ઓસવાલ સેવા સમાજ દ્વારા મુંબઈમાં કચ્છી ભાષામાં 'ફેમિલી એક્સપ્રેસ' નામના નાટકોની શ્રેણીનું આયોજન કરાયું છે. ત્યારપછીના તબક્કામાં કચ્છમાં પણ આ નાટકની રજૂઆત થશે. વડીલો અને સંતાનો એક બીજાના વિચારોને સારી રીતે સમજી શકે અને પરિવારમાં પ્રેમ અને સમન્વય જળવાઈ રહે તે હેતુથી સમાજે પોતે આર્થિક સહયોગથી આ આયોજન કર્યું છે.

● અબડાસા તાલુકાનો હેરિટેજ વિલેજ તેરામાં ઘણા સમયથી એમ.બી.બી.એસ.તબીબીના માંગણી કરવામાં આવે છે તે છતાં તંત્ર દ્વારા કોઈ કાર્યવાહી કરાતી નથી. તેરા પી.એચ.સી.માં ૨૫ થી વધારે ગામોનો સમાવેશ કરવામાં આવેલ છે. આયુષ્યમાન ડોક્ટર ચાર્જમાં હાલે લેબ ટેકનીશીયનની બદલી થતાં તે પણ લાંબા સમયથી જગા ખાલી છે ત્યારે તેરા અને આજુબાજુના ગામોમાં ઠંડીને કારણે તાવ-શરદી-કફના વાયરલ ઈન્ફેક્શન કે મેલેરિયાના તાવથી દર્દીઓ હેરાન થાય છે. તે ઉપરાંત તેરા માટે ખાસ એમ્બ્યુલન્સ સેવા ઉપલબ્ધ હતી તે પણ પાછી ખેંચી લેવામાં આવી છે.


DON'T
Compromise!
"HEALTH INSURANCE"
Portability Benefits Available
COMPARE, SCRUTINIZE & DECIDE
Karani
: For Details Contact Us :
YASHODHAN KARANI 98211 37737
DEEPAK KARANI 98210 82664
DEEPAK MOMAYA 93233 44737
KALPESH LODAYA 93248 33133
☑ Global Cover
☑ No Room Rent Restrictions
☑ Consumables Benefit Cover
☑ Maternity Cover
☑ Emergency Air Ambulance
☑ OPD Dental Treatment Upto 10000/-
☑ OPD Treatment Upto 5000/-
☑ 60 Days-Pre & 90Days Post Hospitalisation
☑ Road Ambulance 5000 per Hospitalisation
☑ Compassionate Travel Upto 20000
☑ High End Diagnostic upto 25000
☑ Bariatric Surgery Cover
☑ No Claim Bonus 50% every year upto 100%
☑ Long Term Policy Discount 10% for 3 yrs Policy
*T & C APPLY
insurancekhoj.com™
the ultimate stop for insurance™
#404, BPS PLAZA, DEVI DAYAL ROAD, MULUND (W), MUMBAI - 400080.
90049 99900 / 93221 37737 79771 01415 insurancekhoj@gmail.com
LOCATIONS : GUJARAT | MAHARASHTRA | MADHYA PRADESH | KARNATAKA